# એડમિશન કમીટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ટેકનીકલ)

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી સરકારી, અનુદાનિત, IIT-RAM, PPP તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે "ખાલી બેઠકો" પર પ્રવેશ બાબતે (પ્રવેશ વર્ષ-૨૦૧૯)**

શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦ ની ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૨૦-૦૭-૨૦૧૯ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. રાજ્યભરમાં પ્રવર્તીત ભારે વરસાદની પરીસ્થિતીને ધ્યાને લેતા સમિતિ દ્વારા તા. ૦૧-૦૮-૨૦૧૯ થી તા. ૦૫-૦૮-૨૦૧૯ દરમ્યાનનો પ્રવેશ કાર્યક્રમ મુલત્વી રાખવામાં આવેલ. સદર કાર્યક્રમમાં ફેરફાર કરી તા. ૦૫-૦૮-૨૦૧૯ થી તા. ૦૯-૦૮-૨૦૧૯ દરમ્યાન જાહેર કરવામાં આવે છે. ઉપરોક્ત કાર્યક્રમમાં તા. ૨૨-૦૭-૨૦૧૯ થી તા. ૨૬-૦૭-૨૦૧૯ દરમ્યાન ઓનલાઈન સંમતિ (Consent) આપેલ ઉમેદવારોએ રજીસ્ટ્રેશન ડિટેઈલમા જઈને રજિસ્ટ્રેશન ડીટેઈલની પ્રિન્ટ આઉટ સાથે પોતાના મેરીટ ક્રમાંક અનુસાર અને પ્રવેશ કાર્યક્રમ મુજબ **રૂબરૂમાં પ્રવેશ સમિતિ, એલ. ડી. એન્જિનીયરીંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે સ્વખર્ચે અચૂક હાજર થવાનું રહેશે અન્યથા પ્રવેશ બાબતનો હક દાવો રહેશે નહી.** આ રાઉન્ડમાં સંમતિ આપવાથી તે બેઠકો ઉપર પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.

વેબસાઈટ ઉપર દર્શાવેલ બેઠકો ઉપરાંત ઉચ્ચ મેરીટ ધરાવતાં ઉમેદવારોને પ્રવેશ મળતાં તેમના દ્વારા ખાલી થયેલ આનુસાંગીક સરકારી, અનુદાનીત, IIT-RAM, PPP તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની બેઠકો પણ ઉપલબ્ધ થવાની શક્યતાઓ છે. પ્રવેશ કાર્યક્રમ દરમ્યાન તબક્કાવાર ખાલી બેઠકોની માહિતી જે તે દિવસના અંતે પ્રવેશ સમિતિની વેબસાઈટ પર અપડેટ કરવામાં આવશે. આથી ઉમેદવારોને પોતાનો મેરીટ ક્રમાંક અને ઉપલબ્ધ બેઠકોની માહિતી ચકાસી અને ત્યાર બાદ **"ખાલી બેઠકો"** અંગેના **ઓફ લાઈન પ્રવેશ** માટે પ્રવેશ સમિતિ ખાતે હાજર રહેવાની સલાહ આપવામાં આવે છે. **ઓફ-લાઈન પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન ઉમેદવાર પ્રવેશ કાયમ કરાવશે તો ઓન-લાઈન થી મળેલ પ્રવેશ આપોઆપ રદ થશે અને ઉમેદવારને ટોકન ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનાંમાના નિયમ-૧૮ પ્રમાણે થશે.**

## ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયાનો રૂબરૂ પ્રવેશનો કાર્યક્રમ

| નં. | તારીખ | સમય | મેરીટ ક્રમાંક |
|---|---|---|---|
| ૧ | ૦૫-૦૮-૨૦૧૯ | સવારે ૦૯:૩૦ | ૦૧ થી ૧૫૦૦ |
| ૨ | ૦૫-૦૮-૨૦૧૯ | બપોરે ૧૨:૩૦ | ૧૫૦૧ થી ૩૦૦૦ |
| ૩ | ૦૫-૦૮-૨૦૧૯ | બપોરે ૦૩:૩૦ | ૩૦૦૧ થી ૫૦૦૦ |
| ૪ | ૦૬-૦૮-૨૦૧૯ | સવારે ૦૯:૩૦ | ૫૦૦૧ થી ૭૦૦૦ |
| ૫ | ૦૬-૦૮-૨૦૧૯ | બપોરે ૧૨:૩૦ | ૭૦૦૧ થી ૯૦૦૦ |
| ૬ | ૦૬-૦૮-૨૦૧૯ | બપોરે ૦૩:૩૦ | ૯૦૦૧ થી ૧૧૦૦૦ |
| ૭ | ૦૭-૦૮-૨૦૧૯ | સવારે ૦૯:૩૦ | ૧૧૦૦૧ થી ૧૩૦૦૦ |
| ૮ | ૦૭-૦૮-૨૦૧૯ | બપોરે ૧૨:૩૦ | ૧૩૦૦૧ થી ૧૫૦૦૦ |
| ૯ | ૦૭-૦૮-૨૦૧૯ | બપોરે ૦૩:૩૦ | ૧૫૦૦૧ થી ૧૭૦૦૦ |
| ૧૦ | ૦૮-૦૮-૨૦૧૯ | સવારે ૦૯:૩૦ | ૧૭૦૦૧ થી ૧૯૫૦૦ |
| ૧૧ | ૦૮-૦૮-૨૦૧૯ | બપોરે ૧૨:૩૦ | ૧૯૫૦૧ થી ૨૨૦૦૦ |
| ૧૨ | ૦૮-૦૮-૨૦૧૯ | બપોરે ૦૩:૩૦ | ૨૨૦૦૧ થી ૨૫૦૦૦ |
| ૧૩ | ૦૯-૦૮-૨૦૧૯ | સવારે ૦૯:૩૦ | ૨૫૦૦૧ થી ૨૮૦૦૦ |
| ૧૪ | ૦૯-૦૮-૨૦૧૯ | બપોરે ૧૨:૩૦ | ૨૮૦૦૧ થી ૩૧૦૦૦ |
| ૧૫ | ૦૯-૦૮-૨૦૧૯ | બપોરે ૦૩:૩૦ | ૩૧૦૦૧ થી ૩૩૨૫૧ |

**નોંધ : ઉમેદવારોએ સ્વયંમ તેઓને ફાળવેલ સમયના ૩૦ મીનીટ પહેલા અચુક હાજર થવાનું રહેશે.**

વધુ વિગત તેમજ latest updates માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા. ૦૨-૦૮-૨૦૧૯** **— મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**